# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

Phone No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ E-mail :- suratdeo@gmail.com

web :-www.suratdeo.org


જા.નં.મકમ/મા–૩/શિક્ષણ સહાયક/૨૦૨૫/૪૪૫૬ તા૧૭-૦૭-૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી અને બિન સરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત.

**વિષય :–** સરકારી અને બિન સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ષ–૨૦૨૪ શિક્ષણ સહાયક ભરતીના ઉમેદવારોને R/SCA No.13967/2024 ના તા.૨૩/૧૦/૨૦૨૪ ના ઓરલ ઓર્ડરની જાણ કરવા બાબત.

**સંદર્ભ :–** કમિ.શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અનદ–૧/ ૨૦૨૫/૭૧૩૫–૬૮ તા.૧૬–૦૭–૨૦૨૫

મે.સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની સરકારી અને બિન સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ષ–૨૦૨૪ શિક્ષણ સહાયક ભરતીના ઉમેદવારોને આપવામાં આવેલ ફાળવણીપત્ર/ભલામણપત્ર/નિમણૂક હૂકમમાં નીચે મુજબની શરત અંગે આપની કક્ષાએથી નવ નિયુક્ત શિક્ષણ સહાયકને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

**"સદર શાળા ફાળવણીપત્ર/ભલામણપત્ર/નિમણૂક હૂકમ નામ.હાઈકોર્ટના R/SCA No.13967/2024 ના આખરી ચૂકાદાને આધિન રહેશે. જેનો ભલામણપત્ર/નિમણૂક હૂકમમાં સમાવેશ થયેલ છે જે અંગેની નોંધ લેવી.**

**જિલ્લા શિક્ષણાધિકારી,**

**સુરત,જિ.સુરત**

# કમિશનર શાળાઓની કચેરી

**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,**

**સેક્ટર–૧૯, ગાંધીનગર.**

---

**ક્રમાંક: ઘ/માધ્ય/અનદ–૧/૨૦૨૫/**૭૧૩૫-૬૯ તા.૧૬/૦૭/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ.

**વિષય:** સરકારી/બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ–૨૦૨૪ શિક્ષણ સહાયક ભરતીના ઉમેદવારોને R/SCA No.13967/2024 ના તા.૨૩/૧૦/૨૦૨૪ના ઓરલ ઓર્ડરની જાણ કરવા બાબત.

**સંદર્ભ:** નામ.હાઇકોર્ટના કેસ R/SCA No.13967/2024 તા.૨૩/૧૦/૨૦૨૪નો ઓરલ ઓર્ડરનો ચુકાદો.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષ સહાયક ભરતી અન્વયે ઉમેદવારોને તા.૦૩/૦૭/૨૦૨૫ના રોજ ભલામણપત્ર/નિમણૂક હુકમ એનાયત કરવા આવેલ. તેમજ રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અન્વ ઉમેદવારોને તા.૦૮/૦૭/૨૦૨૫ના રોજ ભલામણપત્ર/નિમણૂક હુકમ એનાયત કરવામાં આવેલ.

નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ કેસ R/SCA No.13967/2024માં નામ.હાઇકોર્ટ દ્વા તા.૨૩/૧૦/૨૦૨૪ના રોજ ઓરલ ઓર્ડર આપવામાં આવેલ. જે અન્વયે નામ.હાઇકોર્ટના ચુકાદામાં જણાવેલ છે સદર પેન્ડીંગ કેસ દરમિયાન આપેલ કોઇ પણ નિમણૂકો સદર કેસના અંતિમ ચુકાદાને આધિન રહેશે.

જેથી શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ અન્વયે આપવામાં આવેલ સરકારી/બિનસરકારી અનુદાનિત ઉચ્ચ માધ્યમિક શાળાઓના આપવામાં આવેલ ભલામણપત્ર/નિમણૂક પત્રમાં નીચે મુજબની શરત અંગે આપની કક્ષાએ તાત્કાલિક સંબંધિતોને જાણ કરવા અંગે જણાવવામાં આવે છે.

**"સદર શાળા ફાળવણીપત્ર/ભલામણપત્ર/નિમણૂક હુકમ નામ.હાઇકોર્ટના R/SCA No.13967/2024 આખરી ચુકાદાને આધિન રહેશે."**

**ઉક્ત શરતનો ઉમેદવારોને અપાયેલ ભલામણપત્ર/નિમણૂક હુકમમાં સમાવેશ થયેલ છે તે મુજબની નોં લેવી.**

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા.,ગાંધીનગર**

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ (સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી મારફત) :**

- સંબંધિત આચાર્યશ્રી, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી હસ્તક તમામ.

- સંબંધિત પ્રમુખશ્રી/ટ્રસ્ટશ્રી, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી હસ્તકની તમામ.
- સંબંધિત ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નવા નિમણૂક પામેલ શિક્ષણ સહાયકો.